# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-11-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Wednesday** **National News**

## આકાશવાણી સમાચાર **હિના મોદી** વાંચે છે.

*************************************************

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાત સહિત દેશના વિવિધ રેલવે સ્ટેશન પર 18 જેટલા પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ કેન્દ્રોનું લોકાર્પણ કર્યું.
- ✓ ઝારખંડમાં વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે 31 બેઠકો પર સરેરાશ 64.86 ટકા મતદાન નોંધાયું.
- ✓ દિવ -દમણ અને દાદરાનગર હવેલીની મુલાકાતે આવેલા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું કે પ્રવાસનના વિકાસથી રોજગારની નવી તકો ઉભી થઈ રહી છે.
- ✓ વિદેશમંત્રી ડ઼ૉ. એસ. જયશંકરે ગાઝામાં ચાલી રહેલા સંઘર્ષ અંગે ચિંતા વ્યક્ત કરતા દ્વી-રાજ્ય ઉકેલનો પુનરોચ્ચાર કર્યો.
- ✓ અને ભારત - દક્ષિણ આફ્રિકા વચ્ચે ત્રીજી ટી-20 મેચ દક્ષિણ આફ્રિકાના સેન્ચુરિયન ગ્રાઉન્ડ ખાતે રમાશે.

*************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## EVE. PM-JAN AUSHADHI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશના વિવિધ રેલવે સ્ટેશન પર 18 જેટલા પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ કેન્દ્રોનું વર્ચ્યૂઅલી લોકાર્પણ કર્યું છે. શ્રી મોદીએ બિહારના દરભંગા ખાતેથી વીડિયો કોન્ફરેન્સિંગ દ્વારા 12 હજાર કરોડ રૂપિયાના અન્ય વિકાસલક્ષી કાર્યો સાથે આ કેન્દ્રોનું ઉદ્ઘાટન કર્યું. આ કેન્દ્રો પર મુસાફરોને સસ્તાભાવે ગુણવત્તાયુક્ત દવાઓ મળી રહેશે.

આ પ્રસંગે સંબોધન કરતા પ્રધાનમંત્રીએ જણાવ્યું કે દેશમાં આરોગ્ય માળખાને મજબૂત બનાવવા સરકાર સમાવેશી અભિગમ સાથે કામ કરી રહી છે. તેમણે કહ્યું કે સરકાર લોકોને સસ્તી અને મફત આરોગ્ય સેવા તેમજ દવાઓ ઉપલબ્ધ કરાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. શ્રી મોદીએ જણાવ્યું કે, 1 લાખ, 50 હજારથી વધુ આયુષ્યમાન આરોગ્ય મંદિર આર્થિક રીતે નબળા વર્ગ માટે ઉપયોગી નીવડશે.

**(બાઇટ- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી)**

ઉદ્ઘાટન કરાયેલા નવા ઔષધિ કેન્દ્રો બિહાર, ઉત્તર પ્રદેશ, ત્રિપુરા, રાજસ્થાન, તમિલનાડુ, તેલંગાણા, છત્તીસગઢ, કર્ણાટક, ગુજરાત, પશ્ચિમ બંગાળ તેમજ મધ્ય પ્રદેશમાં કાર્યરત છે.

## EVE. JHARKHAND-CAMPAIGNING

ઝારખંડમાં આજે પ્રથમ તબક્કામાં 31 બેઠકો પર શાંતિપૂર્ણ રીતે મતદાન પૂર્ણ થયું હતું. છેલ્લા અહેવાલ પ્રમાણે રાજ્યમાં કુલ 64.86

ટકા મતદાન નોંધાયું છે. સૌથી વધુ 73.21 ટકા મતદાન લોહરડાગા જિલ્લામાં, જ્યારે સૌથી ઓછું મતદાન હજિરાબાગમાં 59.13 ટકા નોંધાયું હતું.

રાજ્યના 15 જિલ્લાઓમાં 950 મતદાન કેન્દ્રો પર ચાંપતો સુરક્ષા બંદોબસ્ત ગોઠવાયો હતો. પ્રથમ તબક્કામાં અંદાજે 1 કરોડ 37 લાખ મતદારોએ 73 મહિલા ઉમેદવારો સહિત, 683 ઉમેદવારો માટે મતદાન કર્યું.

રાંચીના અમારા સંવાદદાતા જણાવે છે કે, રાજ્યમાં મુક્ત અને પારદર્શક મતદાન માટે મોટા પ્રમાણમાં સુરક્ષા બંદોબસ્ત કરાયો હતો. સંવેદનશીલ વિસ્તારોમાં કેન્દ્રીય દળોની 200 જેટલી કંપનીઓ તૈનાત કરાઈ હતી. આ ઉપરાંત આસપાસના રાજ્યો સાથેની સરહદો બંધ કરી દેવામાં આવી હતી. ઉત્તર પ્રદેશ, બિહાર, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ અને ઓડિશા સાથેના સરહદીય વિસ્તારોમાં નક્સલી પ્રવૃત્તિઓને જોતા સંયુક્ત ઑપરેશન હાથ ધરવામાં આવ્યા હતા. કેટલાક સ્થળોએ સુરક્ષામાં હેલિકોપ્ટર પણ તૈનાત કરાયા હતા.

## BY POLL

10 રાજ્યોની 31 વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી માટે મતદાન શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયું હતું. ચૂંટણીપંચના આંકડાઓ અનુસાર કર્ણાટકની ચન્નપટના બેઠક પર જંગીં 84.26 ટકા, મેઘાલયની ગેંબેરગે બેઠક પર 80.61 ટકા મતદાન નોંધાયું હતું. ગુજરાતના બનાસકાંઠાની વાવ બેઠક પર 67.13 ટકા મતદાન નોંધાયું હતું. તો બિહારમાં તારારી

બેઠક પર 50.10 ટકા, જ્યારે ઇમામગંજ બેઠક પર 49.72 ટકા મતદાન નોંધાયું હતું. કેરળની વાયનાડ લોકસભા બેઠક પર 60.79 ટકા મતદાન નોંધાયું હતું.

## MAHA- CAMPAIGNING

મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણીને લઈને પ્રચાર અભિયાન પૂરજોશમાં છે. ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ધુલે જિલ્લાના સિંધખેડામાં ચૂંટણી સભાને સંબોધન કરતા રાજ્યમાં મહાયુતીની સરકાર સત્તામાં પરત ફરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

તેમણે લાડકી બહેન યોજનાનો વિરોધ કરવા બદલ એનસીપી નેતાઓની ટીકા કરી હતી. શ્રી શાહે બપોર બાદ જલગાંવ અને જિન્ટુરમાં પણ ચૂંટણી સભાઓ સંબોધી હતી.

આ ઉપરાંત કેન્દ્રીય મંત્રી જે. પી. નડ્ડા, શિવરાજસિંહ ચૌહાણ, પિયુષ ગોયેલ, નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સહિતના નેતાઓએ વિવિધ સ્થળોએ સભાઓ ગજવી હતી.

તો આ તરફ એનસીપી નેતા શરદ પવારે મહાઅઘાડી સરકાર પર પ્રહાર કર્યા હતા. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગએ લાતુરમાં, જ્યારે શિવસેના નેતા ઉદ્ધવ ઠાકરેએ સાવંતવાડીમાં ચૂંટણી પ્રચાર કર્યો હતો.

## PRESIDENT EVENING UPDATE

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું હતું કે, પ્રવાસનનો વિકાસ માત્ર આપણા વારસાને પ્રોત્સાહન આપવા માટે જ નહીં પરંતુ યુવાનો માટે રોજગારીની મોટી તકો પણ ઉભી કરે છે. રાષ્ટ્રપતિ કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવની ત્રણ દિવસની મુલાકાતે છે. તેમણે આજે રમત ક્ષેત્ર અને ઝંડા ચોક સ્કૂલ અને ગેમ ઝોન ફેઝ 2 સહિત કેન્દ્રશાસિત પ્રદેશમાં વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું હતું.

સભાને સંબોધતા, રાષ્ટ્રપતિએ પ્રદેશના પ્રવાસન, શિક્ષણ અને ઔદ્યોગિક વિકાસમાં કેન્દ્રશાસિત પ્રદેશ દમણ દીવ અને દાદરા નગર હવેલી વહીવટીતંત્રના પ્રયાસોની પ્રશંસા કરી હતી.

**(બાઇટ- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ)**

અગાઉ, રાષ્ટ્રપતિએ સિલ્વાસામાં NAMO મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટની પણ મુલાકાત લીધી હતી. બાદમાં રાષ્ટ્રપતિ દીવમાં INS ખુકરી મેમોરિયલની મુલાકાત લેશે.

## JAYSHANKAR SAUDI

વિદેશમંત્રી ડો. એસ. જયશંકરે પશ્ચિમ એશિયાની સ્થિતિ, ખાસ કરીને ગાઝામાં ચાલી રહેલા સંઘર્ષ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે આ મુદ્દે ભારતના દૃષ્ટિકોણને સુસંગત અને સૈદ્ધાંતિક ગણાવ્યો હતો. ડૉ. જયશંકરે પેલેસ્ટાઇન વિવાદના ઉકેલ માટે દ્વી-રાજ્ય ઉકેલને પુનરોચ્ચાર કર્યો હતો..

વિદેશમંત્રીએ આજે સાઉદી અરબના વિદેશમંત્રી પ્રિન્સ ફૈસલ બિન ફરહાન અલ સાઉદ સાથે નવી દિલ્હીમાં દ્વીપક્ષીય બેઠકની સહઅધ્યક્ષતા કરતા આ નિવેદન આપ્યું હતું. ડૉ. જયશંકરે જણાવ્યું કે ભારત આ ક્ષેત્રમાં સ્થિરતા માટે સાઉદી અરબને મહત્વનું માને છે.

સાઉદી અરબના વિદેશમંત્રી પ્રિન્સ ફૈસલ બિન ફરહાન અલ સઉદે જણાવ્યું કે, ભારત સાથેના સંબંધો સહકાર અને પરસ્પર સન્માનના પાયા પર રચાયેલા છે. તેમણે ઉમેર્યું કે સાઉદી અરબ આંતરરાષ્ટ્રીય શાંતિ, સુરક્ષા તેમજ આર્થિક વિકાસને સુનશ્ચિત કરવાના પ્રયાસો ચાલુ રાખશે.

## PM-NIGERIA-BRAZIL-GUYANA-VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 16મી નવેમ્બરથી નાઈજીરીયા, બ્રાઝિલ અને ગુયાનાની મુલાકાતે જશે. તેઓ 16થી 17 નવેમ્બર દરમિયાન નાઈજીરીયાની મુલાકાત લેશે. મુલાકાત દરમિયાન, તેઓ બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીની સમીક્ષા કરવા અને દ્વિપક્ષીય સંબંધોને વધારવા અંગે વાતચીત કરશે.

શ્રી મોદી 18 અને 19 નવેમ્બર દરમિયાન G20 સમિટમાં ભાગ લેવા માટે બ્રાઝિલના રિયો ડી જાનેરો જશે. શ્રી મોદી જી-20 પરિષદ દરમિયાન અનેક નેતાઓને પણ મળશે.

જ્યારે 19 થી 21 નવેમ્બર દરમિયાન તેઓ ગુયાનાની મુલાકાત લેશે. 1968 પછી કોઈ ભારતીય પ્રધાનમંત્રી દ્વારા ગુયાનાની આ પ્રથમ મુલાકાત હશે. મુલાકાત દરમિયાન, પ્રધાનમંત્રી ગુયાનાના

રાષ્ટ્રપતિ અલી સાથે ચર્ચા કરશે, અન્ય વરિષ્ઠ નેતાઓને મળશે, ત્યાંની સંસદને સંબોધિત કરશે અને ભારતીય સમુદાયના લોકોને પણ સંબોધશે.

## JAMMU KASHMIR ENCOUNTER

દક્ષિણ કાશ્મીરના કુલગામના સુધસુના વિસ્તારમાં આજે બપોર બાદ આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું. વરિષ્ઠ પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, સુરક્ષા દળોની એક સંયુક્ત ટુકડીએ આતંકવાદીઓ હોવાની માહિતીના આધારે તપાસ અભિયાન હાથ ધર્યું હતું. જ્યાં છૂપાયેલા આતંકવાદીઓએ સામે ફાયરિંગ શરૂ કર્યું હતું. જો કે, આ ઘર્ષણમાં હજી સુધી જાનહાનિના કોઈ સમાચાર નથી.

## IMD WEATHER

દિલ્હી અને એનસીઆરના વિસ્તારોમાં આજે વહેલી સવારથી ગાઢ ધુમ્મસ છવાયેલું હતું. ધૂમ્મસને કારણે દિલ્હીના ઇન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાન મથકે કેટલીક ફ્લાઇટ મોડી ચાલી રહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર જમ્મૂ કાશ્મીરમાં બરફ વર્ષાને કારણે દિલ્હી અને એનસીઆર તેમજ ઉત્તર ભારતના કેટલાર ભાગોમાં હવામાનમાં ફેરફાર આવ્યો છે.

હવામાન વિભાગે દિલ્હી, હરિયાણા, પંજાબ અને ઉત્તર પ્રદેશમાં આગામી બેથી ત્રણ દિવસ માટે ઑરેન્જ અલર્ટ જાહેર કર્યું છે. વરિષ્ઠ વૈજ્ઞાનિક ડૉક્ટર આર. કે. જેનામણિએ આકાશવાણી સાથેની વાતચીતમાં

જણાવ્યું કે પંજાબ અને હરિયાણામાં છેલ્લા બે ત્રણ દિવસથી ધુમ્મસની સ્થિતિ છે. જે આગામી થોડા દિવસ યથાવત રહેશે, આથી લોકોને સાવચેતી પૂર્વક વાહન ચલાવવા માટેની સલાહ છે.

## CRICKET-IND-SA

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ચાર મેચોની શ્રેણીની ત્રીજી T20 ક્રિકેટ મેચ દક્ષિણ આફ્રિકાના સેન્ચ્યુરિયન સુપરસ્પોર્ટ પાર્કમાં ભારતીય સમય અનુસાર રાત્રે 8.30 વાગ્યે શરૂ થશે. દક્ષિણ આફ્રિકાએ બીજી મેચમાં ત્રણ વિકેટથી જીત મેળવ્યા બાદ શ્રેણીની 1-1ની બરાબરી પર છે. ભારતે શ્રેણીની પ્રથમ મેચ 61 રને જીતી હતી.

## PANCHAYATI RAJ CONCLAVE

પંચાયતી રાજ મંત્રાલય દ્વારા આવતીકાલે નવી દિલ્હીમાં એક દિવસીય નાણ પંચ સભાનું આયોજન કરાયું છે. ‘વિકાસ તરફ પ્રયાણ’ વિષયવસ્તુ પર આધારિત આ સભાની અધ્યક્ષતા 16માં નાણાપંચના અધ્યક્ષ ડૉ. અરવિંદ પાનાગરિયા કરશે.

સભા દરમિયાન ગ્રામ્ય સ્તરે સ્થાનિક સંસ્થાઓમાં ભંડોળની અસરકારક ફાળવણીમાં રાજ્ય નાણાપંચની ભૂમિકા અંગે ચર્ચા કરાશે. આ ઉપરાંત તે ક્ષેત્ર સાથે જોડાયેલા મુખ્ય હિતધારકોને એક મંચ પર લાવશે. સભામાં 16માં નાણાપંચના સભ્યો, પંચાયતી રાજ મંત્રાલય, નાણામંત્રાલય તેમજ આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ પણ ભાગ લેશે.